### ચાર જળપ્લાવિત વિસ્તારો માટે

# વેટલેન્ડ ઍમ્બેસેડર સ્પીસિઝની પસંદગીપ્રત્યેક વેટલેન્ડ માટે વેટલેન્ડ મિત્ર જૂથની રચના

વડોદરા, તા.૧૫

આજે સમગ્ર રાષ્ટ્ર આઝાદી મળ્યાના ૭૫ વર્ષની ઊજવણી આઝાદી કા અમૃત મહોત્સવ તરીકે કરી રહ્યું છે. આ મહોત્સવ અંતર્ગત કેન્દ્ર સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના વેટલેન્ડ વિભાગ દ્વારા સમગ્ર દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨ માર્ચથી ૨૨ ઑગસ્ટ ૨૦૨૨ સુધીના ૭૫ અઠવાડિયાના સમયગાળામાં જળપ્લાવિત વિસ્તારો તથા તેમના સંરક્ષણ વિશે જાગૃતિ અને સંવેદનશીલતા લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ૭૫ અઠવાડિયા પૈકી, તા. ૪ થી ૧૦ ઑક્ટોબર દરમિયાનના સમયગાળાને કેન્દ્ર સરકાર દ્વારા આયકોનિક વીક તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યુ છે, જેના ભાગરૂપે કેન્દ્ર સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નિર્દશન હેઠળ દેશની કુલ ૪૬ રામસર સાઈટ્સ અને કેટલાંક રામસર સાઈટ્સ બનાવાની શકયતાઓ ધરાવતા જળપ્લાવિત વિસ્તારો ખાતે વેટલેન્ડ્સને લગતી વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

આ ઊજવણી જે તે રાજ્યોના વન વિભાગો, વન અને પર્યાવરણ વિભાગો, સ્ટેટ વેટલેન્ડ ઑથોરિટીઝ તથા દેશના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયની જ્ઞાન-સહયોગી સંસ્થાઓની મદદથી થઈ રહી છે. ગુજરાતમાં હાલમાં ૩ રામસર સાઈટ્સ છે, જેમાં નળ સરોવર પક્ષી અભયારણ્ય, થોળ વન્યપ્રાણી અભયારણ્ય અને વઢવાણા તળાવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખિજડીયા પક્ષી અભયારણ્ય એ રામસર સાઈટનું બિરૂદ મળવાની શક્યતા ધરાવતો જળપ્લાવિત વિસ્તાર છે. આ ચાર જળપ્લાવિત વિસ્તારો ખાતે રાજયના વન વિભાગે ગીર ફાઉન્ડેશનની તકનીકી સહાયથી તથા ભારત સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નિર્દેશિત સૂચનાઓ અનુસાર આયકોનિક વીકના પ્રથમ દિવસે કાર્યક્રમો યોજાયા હતા. વન વિભાગ દ્વારા આગામી તારીખ ૧૦-૧૦-૨૦૨૧ સુધીના વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કર્યુ છે.

આ ચાર જળપ્લાવિત વિસ્તારો પૈકીના પ્રત્યેક માટે ૩ થી ૪ વેટલેન્ડ ઍમ્બેસેડર સ્પીસિઝની પસંદગી કરવામાં આવી છે. આ દરેક ઍમ્બેસેડર (દૂત) જાતિ, જે તે વેટલેન્ડ (જળપ્લાવિત વિસ્તાર)ની આગવી ઓળખ છે, તેથી આ જાતિઓ જે તે વેટલેન્ડના સંરક્ષણ માટે લોકોને એક દૂત તરીકે અપીલ કરે છે. દરેક વેટલેન્ડ માટે સૂચવાયેલ ૩ થી ૪ ઍમ્બેસેડર જાતિમાંથી શ્રેષ્ઠ જાતિ સૂચવવા માટે નાગરિકોનાં મંતવ્યો પણ લેવામાં આવી રહ્યા છે.

આ ચાર જળપ્લાવિત વિસ્તારો ખાતે સાઈનેજ બોર્ડસ લગાવવાની અગત્યની પ્રવૃત્તિ પણ કરવામાં આવી રહી છે. આ કાર્ય આઈકોનિક અઠવાડિયાના પ્રથમ દિવસે જ ચારેય વેટલેન્ડ્સ ખાતે પૂરું કરવામાં આવ્યું છે. ૫ ફૂટ સ ૩ ફૂટના પાટિયાઓ (બોર્ડ) ઉપર જે તે વેટલેન્ડનું મહત્વ અને તેની સામેના ભયો ઉપરાંત જે તે વેટલેન્ડનું ક્ષેત્રફળ, તેનો રામસર સાઈટ નંબર તથા અન્ય મહત્વની માહિતી પણ દર્શાવવામાં આવી છે.

પ્રત્યેક વેટલેન્ડ માટે વેટલેન્ડ મિત્ર જૂથની પણ રચના કરવામાં આવી છે. નળ સરોવર, થોળ, વઢવાણા અને ખિજડીયા - એમ પ્રત્યેક વેટલેન્ડ માટે અલગ વેટલેન્ડ મિત્રોની નોંધણી કરી તેમની પાસે જે તે વેટલેન્ડનું સંરક્ષણ કરવામાં તંત્રને સહાય કરવા માટેની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવે છે. વેટલેન્ડ મિત્ર જૂથમાં એવા લોકોની પસંદગી કરવામાં આવી છે કે જેમણે અત્યાર સુધી વેટલેન્ડના સંરક્ષણમાં રસ દર્શાવેલ હોય.

ઉજવણીના પ્રથમ દિવસે ગુજરાતની સર્વપ્રથમ રામસર સાઈટ નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે કેટલીક મહત્વની પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. જેમાં જેમની જીવાદોરી નળ સરોવર છે તેવી પઢાર જાતિના લોકો, કેટલીક સ્વાયત્ત સંસ્થાના પ્રતિનિધિઓ તેમ જ વન વિભાગના અધિકારીઓ સહિત આશરે ૨૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આશરે ૧૦૦ જેટલા વેટલેન્ડ મિત્રોની નોંધણી કરવામાં આવી છે. આ વેટલેન્ડ મિત્રોએ નળ સરોવરનું સંરક્ષણ થાય અને તેનો યોગ્ય ઉપયોગ થાય તેવી દેખરેખ રાખવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. માત્ર નળ સરોવર જ નહિ, પરંતુ થોળ, વઢવાણ અને ખિજડીયા જળપ્લાવિત વિસ્તારો ખાતે પણ આવી અગત્યની પ્રવૃત્તિઓનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૫ થી ૧૦ ઑક્ટોબર સુધી જે તે વેટલેન્ડ ખાતે સ્વચ્છતા અભિયાન ખાસ કરીને વેટલેન્ડસને પ્લાસ્ટિક મુક્ત કરવાનું અભિયાન, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધા, ક્વિઝ, ચર્ચા સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓ તદુપરાંત અન્ય કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ જેમ કે બર્ડ-ગાઈડ તાલીમ, એક દિવસીય કાર્યશાળા, વેટલેન્ડ ફિલ્મ દર્શાવવી વગેરેનું આયોજન કરવામાં આવ્યુ છે કે જેમાં જે તે વેટલેન્ડની આસપાસની શાળાઓ તથા ગ્રામજનો ઉત્સાહસભર ભાગ લેશે.

આ ચાર વેટલેન્ડસ ખાતે ઉજવણીના ભાગરૂપે કરવાની થતી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ ગીર ફાઉન્ડેશનના નિયામક શ્રી યુ.ડી.સિંઘ તથા જે તે વેટલેન્ડ સાથે સંલગ્ન નાયબ વન અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યુ છે.

### વડોદરાના સામાજિક વનીકરણ વિભાગે

# છોટાઉદેપુર જિલ્લામાં વાંસની ૧ લાખ રોપા ધરાવતી નર્સરી ઉછેરી છેઃ નાયબ વન સંરક્ષક કાર્તિક મહારાજા

વડોદરા તા.૧૫

વાંસ એક વનસ્પતિ છે.એની સહુ થી મોટી ઓળખ કંઈ? વાંસ એટલે ભગવાન શ્રીકૃષ્ણની અલૌકિક સૂરો થી હજારો વર્ષો થી પૃથ્વીના સમગ્ર જડ ચેતનને ડોલાવતી વાંસળી !

વાંસ એ માનવ જીવન સાથે જુદી જુદી રીતે વણાયેલી વનસ્પતિ છે.સયાજીબાગ જેવા ઉદ્યાનોમાં ખૂબ ઊંચા ઊંચા લીલા લચ્ચક સંખ્યાબંધ વાંસના ઝુંડ દેખાવમાં ખુબ્બ રળિયામણા લાગે છે.તોતિંગ વધતી ઊંચાઈ ને જોઇને એને વૃક્ષ માનવામાં આવે છે.વાસ્તવમાં વનસ્પતિ વિજ્ઞાનના વર્ગીકરણ અનુસાર વાંસ એ વૃક્ષ નથી પણ ખાસ પ્રકારનું ઘાસ છે. જો કે આ ઘાસ ઘણું જ ખાસ અને અનેકવિધ રીતે ઉપયોગી છે.આ વાંસ વંદના એક ખાસ આશય થી લખાઈ રહી છે.દર વર્ષે સપ્ટેમ્બર મહિનાની ૧૮ મી તારીખે વિશ્વ વાંસ દિવસ એટલે કે વર્લ્ડ બાબુંડે ઉજવવામાં આવે છે. આ વર્ષની ૧૮ મી સપ્ટેમ્બર એટલે કે આજે શનિવારના દિવસે જગતમાં ૧૨ મો વિશ્વ વાંસ દિવસ ઉજવાઈ રહ્યો છે. જગતમાં થી વાંસ જેવી અતિ ઉપયોગી વનસ્પતિ નું અવિચારી નિકંદન અટકાવવાની વ્યાપક લોક જાગૃતિ અને પ્રબળ લોકમત કેળવવા ૨૦૦૯ માં બેંગકોક માં મળેલી વર્લ્ડ બાંબુ કોંગ્રેસમાં કેલેન્ડર ની આ તારીખ વાંસને સમર્પિત કરવામાં આવી ત્યાર થી વિશ્વ વાંસ દિવસ ઉજવાય છે.ઉજવણીનો એક આશય લોકોને વાંસની વ્યાપક ઉપયોગિતાની જાણકારી આપીને તેના આધારિત ઉત્પાદનોનો વપરાશ વધારવાનો પણ છે.

વાંસ એ સદા હરિત બારમાસી ઘાસ છે,અને વિશ્વમાં ૧૧૫ જેટલા કુળ કે પેઢી( જનરે ) હેઠળ ૧૪૦૦ પ્રજાતિઓના વાંસ ઉગે છે તેવી રસપ્રદ જાણકારી આપતાં સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક કાર્તિક મહારાજાએ જણાવ્યું કે ,ગુજરાતમાં બહુધા દક્ષિણ ગુજરાતના વધુ વરસાદવાળા વિસ્તારમાં વાંસ ના ઝુંડ વધુ જોવા મળે છે અને રાજ્યમાં મુખ્યત્વે ડેંડ્રોકેલામસ સ્ટ્રિક્ટસ અને બાંબુસા બાંબુસ નામક બે પ્રજાતિઓના વાંસ ઉગે છે. ખેડૂતો અને જંગલ વિસ્તારમાં આદિવાસીઓ અને અન્ય લોકો ઘરના વાડા,ખેતરના પાળા શેઢા પર વાંસ ઉછેરી પૂરક આવક મેળવી શકે છે એવો અભિપ્રાય આપતાં શ્રી મહારાજાએ જણાવ્યું કે, વન વિભાગના માધ્યમથી ભારત સરકાર અને ગુજરાત સરકારે વાંસ ઉછેરને, તેની વૃક્ષ ખેતીને પ્રોત્સાહિત કરતી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. સ્થાનિક લોકો,ખેડૂતો અને વન વિસ્તારના લોકો ને વાંસ ઉછેર સાથે જોડવા તેમના માર્ગદર્શન હેઠળ સામાજિક વનીકરણ વિભાગ,વડોદરાએ છોટાઉદેપુર જિલ્લામાં ૧ લાખની કૂંપળો(રોપા) ધરાવતી નર્સરી ઉછેરી છે. અહીં ઘર બનાવવામાં ઉપયોગી માનવેલ પ્રજાતિના રોપા ઉછેરવામાં આવી રહ્યાં છે. વાંસના ફૂલ પછી ચોખા જેવા બીજ મળે છે જેના રોપાણ થી વાંસના છોડ ઉછેરવામાં આવે છે. વન વિભાગ વાંસના આ બીજ એકત્ર કરાવે છે.રસપ્રદ વાત એ પણ છે કે આ બીજને વન વિસ્તારના લોકો વાંસના ચોખા તરીકે ઓળખે છે અને ખાવાના ઉપયોગમાં લે છે! ફૂલ બેસે એ વાંસના વૃક્ષના મૃત્યુની નિશાની છે. ફૂલમાંથી બીજ મળે પછી એ વાંસ સુકાઈ જાય છે. વાંસની પ્રજાતિઓ પૈકી ઘણીમાં છૂટાછવાયા ફૂલ બેસે છે. પરંતુ કેટલીક પ્રજાતિઓમાં એક સાથે પુષ્કળ ફૂલ બેસે, ગ્રેગોરિયસ ફ્લાવરિંગ થાય પછી બધા વૃક્ષ સુકાઈ જાય ત્યારે આખું જંગલ સુકાઈ ગયું હોય એવું દ્રશ્ય સર્જાય છે! કાર્તિકભાઈએ ૨૧ જેટલી પ્રજાતિઓના વિવિધ રીતે ઉપયોગો જણાવ્યાં છે. પ્રજાતિ પ્રમાણે વાંસનો ઉપયોગ ગ્રામ વિસ્તારોમાં ઘર બનાવવામાં, બાંધકામમાં, લખવાના કાગળ અને કાપડ બનાવવામાં, ઘરના બગીચા કે વાડાને હરિયાળી સુંદરતા આપવામાં આમ અનેકવિધ રીતે ઉપયોગી છે. વાંસ વાંસળી સહિતના વાદ્યો બનાવવામાં ઉપયોગી છે. આદિજાતિના પિહવો સહિતના ઘણાં અનોખા વાદ્યો વાંસના બને છે. વાંસના ઉછેરથી જમીનમાં ભેજ જળવાય છે અને હા, તમારી ઉત્તરાયણ પણ ઉજવાય છે! કારણકે પતંગના ઢડધા અને કમાન વાંસની જ બને છે.વાંસ બાળીને પાડવામાં આવતા કોલસાને બાંબુ ચારકોલ કહે છે. અને કુમળા વાંસમાંથી, કૂંપળોમાંથી મ્હોમાં પાણી છૂટે એવું અથાણું અને શાક પણ બને છે. અને એ પણ જાણી લો કે, ગુજરાતના બાંબુ મેન કહી શકાય, જેમણે રાજ્યના દક્ષિણ વિસ્તારમાં વન વિભાગે ઉછેરેલા વાંસ સંશોધન ઉદ્યાનની ખૂબ માવજત કરી છે એવા રાજેન્દ્રસિંહ ચૌહાણ નિવૃત્તિ પછી વડોદરામાં સ્થાયી થયા છે. વાંસના આમ અનેક ઉપકારો છે માનવ જાત પર એટલે જ્યાં વાંસના ઝુંડ જુવો ત્યાં એને મંદિર ગણી વંદન કરજો.

# લડાખમાં વિશ્વનો સૌથી ઊંચોરોડ; ડ્રાઈવિંગ કરી શકાશે

વિશ્વના સૌથી ઊંચા રોડ પર ગાડી ચલાવવાની ઇચ્છા હોયતો તમે લેહ જઈ શકો છો. લેહ થી પેંગોંગ સરોવર સુધી ૧૮,૬૦૦ ફુટની ઊંચાઇ પર આવેલા કેલાશીર્ષને પાર કરતાં એક નવો રોડ સામાન્ય લોકો માટો ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સામાન્ય જનતા માટે વાહન ચલાવવા યોગ્ય વિશ્વનો આ સૌથી ઊંચો રોડ છે. આ રોડ સરહદ સલામતીની સાથેસાથે પૂર્વ લડાખમાં પર્યટનને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને તેનાથી સ્થાનિક લોકોનો સામાજિક અને આર્થિક વિકાસ પણ થશે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ આ રોડનું ઉદઘાટન લડાખમાં કરવામાં આવ્યું છે. ભારતીય સેનાની ૫૮ એન્જિનિયર રેજી મેન્ટ દ્વારા બનાવવામાં આવેલો આ રોડ લેહ (જીગરાલથી તાંગત્સે) થી કેલાપાસને પાર કરીને પેંગોંગ સરોવર સુધીના ૪૧ કિલોમીટર સુધીનાં પ્રવાસને ઘટાડશે. આ માર્ગનું નિર્માણ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર સરહદી વિસ્તારોમાં માળખાકીય સુવિધા, ખાસ કરીને રસ્તા અને પુલોનાં નિર્માણ માટે કેટલી ગંભીર છે.

### કોવિડની વૈશ્વિક મહામારી દરમિયાન

# ૧30 કરોડ ભારતીયોએ આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો

આજે આત્મનિર્ભર ભારત દરેક ભારતીયના મન-મસ્તિષ્કમાં છવાયેલું છે. આપણે બધાં આ સપનાને સંકલ્પના સ્વરૂપમાં પરિવર્તિત થતાં જોઈ રહ્યા છીએ. આજે આત્મનિર્ભર ભારત માત્ર શબ્દ નહીં, દેશની વિકાસયાત્રાનો મંત્ર બની ગયો છે. દેશવાસીઓની આ ઊર્જા અને શક્તિ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારના દરેક સ્તરે સતત કામ ચાલી રહ્યું છે, કારણ કે આત્મનિર્ભર ભારતનો અર્થ માત્ર આયાત ઓછી કરવાનો નહીં, દેશની યુવા ક્ષમતા, રચનાત્મકતા અને કૌશલ્યને વધારવાનો પણ છે. આ દ્રષ્ટિકોણથી કેન્દ્ર

સરકારે કોવિડની આપત્તિને અવસરમાં બદલી. એ જ રીતે 'જાન ભી જહાન ભી'નો મંત્ર અને જાન-માલની સલામતીની સાથે સાથે અર્થતંત્રને પણ આગળ વધાર્યુ છે. આ પ્રયાસોના પરિણામે જ અર્થતંત્રમાં પણ સકારાત્મકતા દેખાઈ રહી છે. કોવિડ હોવા છતાં કેન્દ્ર સરકારના મજબૂત આર્થિક મેનેજમેન્ટને કારણે એક વર્ષમાં ભારતની જીડીપી નવી ઊંચાઇઓ પર પહોંચી. અર્થતંત્રની આ સફળ યાત્રા આ અંકની કવર સ્ટોરી બની છે. અહીં એ મહત્વપૂર્ણ છે કે ઝડપી ગતિથી રસીકરણને કારણે આ શક્ય બન્યું છે. ભારત દરરોજ નવા રેકોર્ડ સ્થાપીને વિશ્વમાં સૌથી વધુ ઝડપથી રસીકરણ કરનાર દેશ બની ગયો છે. સમાજને સાથે લઈને ચાલનારી સરકારની નીતિ, નિર્ણાયક સાબિત થઈ રહી છે. સમાજવાદના જનક કહેવાતા જયપ્રકાશ નારાયણ (જેપી)-રામ મનોહર લોહિયાના વ્યક્તિત્વની કહાની, ફિટ ઇન્ડિયા તથા રમતગમતની દુનિયામાં ભારતના નવા રેકોર્ડ અંગેના લેખ પણ આ અંકમાં સામેલ છે. શિક્ષણ હોય કે પછી સ્વચ્છતા મિશન, ભારત દરરોજ નવી પટકથા લખી રહ્યું છે. શિક્ષણમાં નવા રિસર્ચ થઈ રહ્યા છે, તો સ્વચ્છતાનું આંદોલન હવે શૌચાલયના નિર્માણ પૂરતું મર્યાદિત ન રહેતાં નવા સ્ટાર્ટ-અપને જન્મ આપી રહ્યું છે. દેશ બાપુની ૧૫૨મી જન્મજયંતિ મનાવી રહ્યું છે, ત્યારે ગાંધીજીના વિચારોનું મહત્વ અને પ્રાસંગિકતા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ કરેલું સંબોધન આ અંકની વિશિષ્ટતા છે. અમૃત મહોત્સવની શ્રેણીમાં લાલ બહાદુર શાસ્રી, વીરચંદ્ર સિંહ ગઢવાલી, એની બેસન્ટ અને ઉત્કલ મણિ ગોપબંધુ દાસની પ્રેરક જીવનગાથા ભારતના સંકલ્પને વધુ મજબૂત કરે છે.

### 'સબકા સાથ- સબકા વિકાસ-સબકા વિશ્વાસ અને

# સબકા પ્રયાસ'ના મંત્રને કારણે દેશ નવી ઊંચાઇઓને સ્પર્શી રહ્યો છે

'ગાગરમાં સાગર' ભરતા તમામ અંક ભારત સરકારના કાર્યોની લેટેસ્ટ માહિતી આપે છે,
જેનાથી જ્ઞાનમાં વૃધ્ધિની સાથે સાથે એ પણ ખબર પડે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સબકા સાથ- સબકા વિકાસ-સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્રને કારણે દેશ નવી ઊંચાઇઓને સ્પર્શી રહ્યો છે. સપ્ટેમ્બર મહિનાના અંકમાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને કર્ણાટકના ભાગીરથ વિશ્વેશ્વરૈયાના જીવન અંગે મહત્વપૂર્ણ પ્રેરક માહિતી મળી. girishchpandegmail.com ન્યૂ ઇન્ડિયા સમાચારનો સપ્ટેમ્બર મહિનાનો પ્રથમ અંક મળ્યો.
અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો પર આધારિત અંક માહિતીપૂર્ણ હતો અને બદલતા ભારતના સ્વરૂપને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે. દૂરદર્શન પર પણ સારી વાચન સામગ્રી વાંચવા મળી. સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનારા અનેક સ્વતંત્રતા સેનાનીઓને આ અંકમાં વિશેષ મહત્વ આપવા માટે આભાર. સંતુલિત અને માહિતીપ્રદ સામગ્રીને કારણે આ અંક ઉપયોગી અને સંગ્રહણીય છે. જગદીશ શર્મા jagdishpushpagmail.com ન્યૂ ઇન્ડિયા સમાચારમાં મહત્વપૂર્ણ નિષ્કર્ષ આપતી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ૧-૧૫ જુલાઇના અંકમાં કોવિડ, ફ્લેગશીપ યોજના, ખેડૂત હિત, જીએસટીની જોગવાઈ સહિતના તમામ વિષય પ્રેરક અને પ્રશંસનીય છે. આપના તમામ અંકના વિષયોની માહિતી જનમાનસ સુધી પહોંચાડવાનો મહત્વનો દસ્તાવેજ છે. આવા સરસ પ્રકાશન માટે સંપાદક અને તેમની ટીમનો હાર્દિક આભાર. અરવિંદ યાદવ yadavarvind1965gmail.com ન્યૂ ઇન્ડિયા સમાચાર સરસ મેગેઝીન છે. હું એક ડોકટર છું. તમને તમારી સમગ્ર ટીમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આભાર.ડો, પ્રિયેન્દુ સુમન priyendusumangmail.com મને ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવા મળ્યું. આ એક માહિતીપ્રદ મેગેઝીન છે કારણ કે મને તેમાં દેશની પ્રગતિ અંગે સાચી માહિતી જાણવા મળે છે. મેગેઝીનના આગામી અંકોની રાહ જોઉં છું. -ગોડમે કાજોલુંગ, મણિપુર

# હવે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્કમાંથી પણ હોમ લોન મળશે

'ઘરનું ઘર' એ દરેક સામાન્ય નાગરિકનું સપનું હોય છે. પણ આ સપનાને પૂરું કરવા માટે પોતાના ગામ કે ઘરની પાસેની પોસ્ટ ઓફિસમાંથી જ લોન મળી જાય તો કેટલું સારું. પણ કેન્દ્ર સરકારે પોસ્ટ ઓફિસ દ્વારા જ સામાન્ય લોકોને તેમનાં ઘર સુધી બેન્ક પહોંચાડી દીધી છે. અને હવે પોસ્ટ વિભાગે તેની સેવાનાં વિસ્તરણનાં ભાગ રૂપે નવી પહેલ કરી છે, જેનાં અંતર્ગત લોકો ટપાલ વિભાગની ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક (IPBB) માંથી ઘર ખરીદવા માટે લોન પણ લઈ શકે છે. આ માટે IPBB અને દેશની અગ્રણી હાઉસિંગ ફાઇનાન્સ કંપની- એલઆઇસીહાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (LICHFL) એ તાજેતરમાં જ એક કરાર કર્યો છે, જે અંતર્ગત IPBBના ૪.૫ કરોડથી વધુ ગ્રાહકોને મકાન માટેની લોનની સુવિધા મળશ

### મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રીના હસ્તે

# ગોત્રી હોસ્પિટલમાં આઈ.સી.યુ ઓન વ્હીલ નવીન એમ્બ્યુલન્સનું લોકાર્પણ દર્દીઓની સારવાર સુવિધામાં થશે વધારો

વડોદરા, તા.૧૫

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનિષાબેન વકીલે જણાવ્યું છે કે કોરોનાના કપરા કાળમાં ગોત્રી હોસ્પિટલના તબીબો અને સ્ટાફ દ્વારા કોરોનાના દર્દીઓની ખૂબ ઉત્તમ પ્રકારની સેવા સારવાર કરવામાં આવી હતી

જેની સમગ્ર રાજ્યમાં નોંધ લેવાઈ હતી. વડોદરા શહેર વિધાનસભાના ધારાસભ્ય અને મહિલા અને બાળકલ્યાણ મંત્રી મનિષાબેન વકીલે પોતાના અનુદાન (ગ્રાન્ટ) માંથી કોરોનાની સારવાર માટે જી.એમ.ઈ.આર.એસ હોસ્પિટલ, ગોત્રીમાં રૂ.૩૬.૬૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ આઈ.સી.યુ ઓન વ્હીલ નવીન એમ્બ્યુલન્સનું મેયર કેયુર રોકડીયા,સાંસદ રંજનબેન ભટ્ટ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ સુખડીયા, સીમાબેન મોહિલેની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.આ એમ્બ્યુલન્સમાં આઈ.સી.યુ. માં રહેલી બધી જ તબીબી સુવિધાઓનો સમાવેશ થાય છે. આઈ.સી.યુ. ઓન વ્હીલની સુવિધામાં ઓકિસજન તેમજ વેન્ટિલેટર સહિતની સમગ્ર તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.મંત્રીએ જણાવ્યુંકે કોરોનાની વૈશ્વિક મહામારીની બીજી લહેર વચ્ચે જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ દ્વારા અસંખ્ય કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવારની ઉત્તમ કામગીરી થઇ હતી.

આ દરમિયાન એમ્બ્યુલન્સની સેવાઓ દર્દીઓ માટે વરદાન સ્વરૂપ રહી હતી. પરંતુ હવે આ આઈ.સી.યુ. ઓન વ્હીલ- અદ્યતન તબીબી સુવિધાઓથી સુસજ્જ એમ્બ્યુલન્સ દર્દીઓની સારવાર તેમજ તેમને વિના અડચણે અવરજવરમાં સહાયરૂપ થશે. સાંસદ રંજનબેન ભટ્ટે જણાવ્યું કે, તેમની માતાની સારવાર પણ ગોત્રીની સરકારી હોસ્પિટલ ખાતે જ કરવામાં આવી હતી. સહુને આવકારતાં જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ, ગોત્રીના તબીબી અધિક્ષક ડો.વિશાલા પંડ્યાએ જણાવ્યું કે,મંત્રી મનીષાબેન વકીલના ધારાસભ્ય અનુદાનમાંથી મળેલા આ વાહનમાં આઇસીયુ ને સમકક્ષ તમામ અદ્યતન જીવનરક્ષક સુવિધાઓ છે જે ગંભીર દર્દીઓના દવાખાના સુધી સલામત પરિવહનમાં ખૂબ ઉપયોગી બનશે.કોરોના કાળમાં અમારી સરકારી હોસ્પિટલની ઉમદા સેવાઓને લીધે દર્દીઓ દૂર દૂર થી સારવાર માટે અહી આવી રહ્યાં છે. અમે મહિલા અને બાળકોની આરોગ્ય રક્ષામાં યોગદાન આપીએ છે.

આ પ્રસંગે ડો.વિજય શાહ, નાયબ મેયર નંદાબેન,નગર સેવકો અને પદાધિકારીઓ, ડો. મીનુ પટેલ,હોસ્પિટલના તબીબો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### ગાંધીનગરમાં વિજયાદશમીની ઉજવણી

# મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે શાસ્ત્રોક્ત વિધિથી કર્યું શસ્ત્ર પૂજન સર્વે નાગરિકોને દશેરાના પર્વની શુભેચ્છાઓ પાઠવી

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૫

નવ દિવસ માતાજીની પૂજા બાદ આજે દસમાં દિવસે શક્તિની ઉપાસના સ્વરૂપે વિજયાદશમીના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. વિજયાદશમીએ રામ ભગવાને રાવણનો વધ કરી અસત્ય પર સત્યનો વિજય મેળવ્યો હતો. વિજયાદશમીએ શસ્ત્રપૂજનનું અનેરું મહત્વ હોય છે. રાજ્યમાં આજે ઘણા વિસ્તારમાં શસ્ત્ર પૂજનની સાથોસાથ શત્રુ અને ખરાબ શક્તિ સામે વિજય મેળવવા માટે શાસ્ત્રનું પૂજન પણ કરવામાં આવ્યું હતું ત્યારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પણ શાસ્ત્રોક્ત વિધિથી શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છેકે, મુખ્યમંત્રીના સલામતી અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી વિજયાદશમીએ શસ્ત્ર પૂજન વિધિ મુખ્યમંત્રી નિવાસના પ્રાંગણમાં યોજાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરીકો, ભાઈ-બહેનોને વિજયાદશમી-દશેરા પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતુંકે, વિજયાદશમી પર્વે શસ્ત્ર પૂજનનો અનેરો મહિમા છે. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના આ ઉત્સવે આપણે સૌએ પણ સદવર્તન, સદાચાર અને સત્યના માર્ગે ચાલીને વિઘટનકારી તત્વોને પરાસ્ત કરી રાષ્ટ્ર-રાજ્યના ઉદયના નિર્માણનું કર્તવ્ય નિભાવવાનું છે.

આ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન વિજયાદશમી પર્વે શરૂ કરાવેલી શસ્ત્ર પૂજનની પરંપરામાં આ વખતે સહભાગી થવાની પોતાને તક મળી છે, તેનો હર્ષ પણ ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો. પૂજા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હળવા અંદાજમાં કહ્યું હતુંકે, કેટલાક લોકોની જીભ જ શસ્ત્ર જેવી હોય છે. તેમણે કહ્યું કે, આસુરી શક્તિ પર દેવી શક્તિનો હંમેશા વિજય થયો છે. શસ્ત્ર દરેક માટે જુદુ જુદુ હોય છે. દરેકને મળેલી જવાબદારી નિષ્ઠાથી નિભાવીએ તો એ વિજય છે, શસ્ત્રનો સદુઉપયોગ છે. કેટલાકની જીભ શસ્ત્ર જેવી હોય છે. રામ રાજ્યની કલ્પના સાકાર થાય તે જરૂરી છે, રામ રાજ્યની કલ્પનાને વડાપ્રધાન લઈ જઈ રહ્યા છે. દરેક માટે શસ્ત્ર બંદૂક તોપ કે એ ન હોય શકે. તેથી જે જવાબદારી મળી છે તે નિષ્ઠાપૂર્વક અદા કરી તે પૂજન જ છે.

દર વર્ષની જેમ આ વર્ષે યોજાયેલી શસ્ત્ર પૂજન વિધિમાં મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયા અને નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઇન્સ્પેક્ટરો, સબ ઇન્સ્પેક્ટરો મળીને ૫૦ જેટલા સુરક્ષા કર્મીઓ જોડાયા હતા.

### વિજયભાઇ ના દીકરી ગુમ થયાઃ ભાળ મળ્યે ગોરવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો

વડોદરા, તા.૧૫

ગોરવા ગામ સોલંકી ફળિયુંના રહીશ વિજયભાઇ રમણભાઇ સોલંકીના દીકરી તા.૨૮ સપ્ટેમ્બરના રોજ કોઇને કહ્યા વિના ઘરેથી ક્યાંક જતા રહ્યા છે. ગુમ થનાર ૪ ફુટ ૧ ઇંચ ઉંચાઇ, પાતળી કાઠી, લંબગોળ મોઢું, માંજરી આંખો અને ગૌરવર્ણીય છે. ગુમ થનારે વાદળી ટોપ, સફેદ લેગીંગ પહેર્યા છે. તે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. ગુમ થનારને ખેંચની બિમારી છે. ગુમ થનારની ભાળ મળ્યે ગોરવા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો, તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

INEOS STYROLUTION

INEOS STYROLUTION INDIA LIMITED
Registered Office : 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat.
CIN : L25200GJ1973PLC002436
Tel. No : +91 265 2303201 Fax No : +91 265 2303203
E mail : INSTY.secshare@ineos.com | Website : www.ineosstyrolutionindia.com

**Declaration of Special Interim Dividend**

**Notice is hereby given that** the Company has fixed Monday, October 25th, 2021 as the Record Date for the purpose of payment of special interim dividend for the financial year 2021-22.
The special Interim dividend in respect of equity shares held in electronic form will be payable to the beneficial owners of the shares as on October 25th, 2021 as per the BENPOS furnished to the Company by the Depositories for this purpose. In case of share held in physical form, dividend will be paid to the shareholders, whose names shall appear on the Register of Members as on October 25th, 2021.
Members are requested to furnish their Bank Account details, change of address, email IDs and PAN details to the Company Registrars and Transfer Agents in respect of shares held in physical form and to their respective Depository Participants if the shares are held in electronic form.
In accordance with provisions of the Income-tax Act, 1961 ("Act") as amended by, and read with the provisions of the Finance Act, 2020, applicable with effect from 1st April, 2020, dividend declared and paid by the Company is taxable in the hands of its shareholders, and accordingly the Company is required to deduct tax at source ("TDS") at the applicable rates. However, no TDS shall be deducted on the dividend payable to a resident individual if the total dividend to be received by them during F.Y. 2021-2022 does not exceed INR 5,000/-.
In view of the above, the Company would be deducting TDS as per the applicable provisions and TDS rates, while paying the special interim dividend for the said F.Y. Shareholders are requested to refer to applicable tax provisions and provide relevant documents to the Company / its registrar, as per the notice available on Company's website.
This intimation is also available on the website of the Company www.ineosstyrolutionindia.com and on the website of the Stock Exchanges where the shares of the Company are listed at www.bseindia.com and www.nseindia.com

For INEOS Styrolution India Limited
sd/-
Abhijaat Sinha
Head - Legal and Company Secretary

Date : October 14th, 2021
Place : Vadodara